સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

નિર્દોષ-નિહત્થાં ને મારવાની મજા લે છે,
ઓઢે ધર્મનો અંચળો ખૂદાઈ છજા લે છે,
સજા દે નિર્મમ હત્યાની કાયરો, વીરબની -
લે ધજા ક્રૂર આનંદની વૈશ્વિક લજ્જા લે છે...
(અમેરિકામાં હત્યાકાંડ)

હાઈકુ

દબાયા સૂર
'મુરલી મનોહર'
કાગારોડમાં...
(ભાજપા બેઠક)

કૉંગ્રેસ મુક્ત!
કે મુસ્લિમ મુક્ત, છે -
'હિંદુત્વ દ્વિધા...'
(અનિશ્ચિત એજન્ડા)

ચિંતન

સૂતા સાધુ જગાઈએ, કરૈ બ્રહ્મ કો જાપ,
યે તીનોં ન જગાઈએ, સાકટર સિંહરુ સાંપ.

કબીર દુર્જનના સંગથી - કુસંગથી દૂર રહેવાનો વાસ્તવિક ઉપદેશ આપે છે. સાથે - સાથે તે કહે છે કે, દુષ્ટ પ્રકૃતિના ધારકોને છેડવા નહીં, તુલસીદાસજી પણ માનસમાં દુર્જનને એટલા માટે વંદન કરે છે કે શાંત રહ્યા, ઉપદ્રવ ન કર્યો અને કાર્ય પૂર્ણ કરવામાં બાધા ન કરી. કબીર કહે છે કે સાચો સાધુ દિન-રાત બ્રહ્મની ઉપાસનામાં લીન હોય છે. તેને ગમે ત્યારે, ગમે તે સ્થિતિમાં મળીએ તો સમભાવ જોવા મળે છે. સાધુએ પ્રકૃતિનાં નબળાં તત્ત્વો પર અંકુશ મેળવ્યો હોય છે. સામા પક્ષે અજ્ઞાની, મોહાંધ અને ક્રોધી વૃત્તિવાળાનું વર્તન કેવું હશે તે કહી શકાતું નથી. આવી વ્યક્તિની ખુંખાર વૃત્તિ દર્શાવવા કબીર સિંહ અને સાપની ઉપમા આપે છે. સિંહ કે સાપને છંછેડવાથી માનવી જીવ ગુમાવી શકે છે. સાધક માટે સાધના સમયે સતત જાગૃતિ, કાળજી અને સમજણ જરુરી છે. કાળજી માટે કહેવત છે 'જાગતા ની પાડી (જે ભેંસરૂપે કામ આવે) અને ઊંઘતાનો પાડો (જે નકામો બોજ બને.)' સાધકને પ્રમાદ કરી ન પરવડે.

સુવિચાર

- મરવું તો સરળ છે, ક્ષણમાં જીવન જોઈ લેવું જ ખરી કસોટી છે - **અમૃતબિંદુ**
- ચિડિયા ચાંચ ભર લે ગઈ, નદિ કો ઘટ્યો ના નારી,
  દાન દિયે ધન ના ઘટે, કહ ગયે દાસ કબીર - **દોહો**
- હે મન મારા... સૌ દોડે ત્યાં તું એકલું થોભી જા - **મકરંદ દવે**
- તલવારના બળે મેળવેલું રાજય તલવાર હાથમાં હોય ત્યાં સુધી જ ટકે છે - **શેક્સપિયર**
- જયાં વિચાર નથી ત્યાં બીજું બધું જ હશે પણ ક્રાંતિ નથી હોતી - **ગુણવંત શાહ**
- બીજાની વેદનાને આપણે અડકી શકીએ તેમાં જ માણસ તરીકેની આપણી માણસાઈ છે - **અનિલ જોશી**
- દરિદ્રનારાયણથી ચઢિયાતો કોઈ ઈશ્વર નથી - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : મઠના સુપમાં લીલી કોથમીર અને ખાંડ નાખીને પીવાથી ઝાડામાં પડતું લોહી બંધ થાય છે **(સંકલન : દિપક વી. આસરા)**

બોધકથા

સ્ત્રીઓ રસોઈ કરવી હોય, બહાર જવા માટે સાડી પસંદ કરવી હોય, ઘરેણાં કે કોઈ ખરીદી કરવી હોય તે પહેલાં એ મનમાં તો 'નક્કી' કરી જ બેઠી હોય છે. 'પતિ'ને મૂરખ બનાવવા એક-બે ખોટા વિકલ્પ બતાવી ખરી!

પતિ કહે - 'પીળી સાડી પહેરે' તો તરત કહે એનું મેચીંગ બ્લાઉઝ નથી! પતિ કહે - 'કઢી કર' તો કહે 'દહીં' જ નથી!' પતિ બહારગામ ગયો હોય અને હીરાના નંગવાળા એરિંગ મગાવ્યા હોય - પતિ તેનાથી મોંઘો હાર લાવે તો 'કકળાટ' થાય 'કોણ હતું સાથે?' ની સમસ્યા જન્મે એ જૂદી...

રશિયન વૈજ્ઞાનિક ટિકનપ્લાઉ, ચિંપાન્ઝી પર તાલીમ આપી પ્રયોગ કરતા હતો. ટેબલ પર બે ગ્લાસ ઉંધા મૂકે એક નીચે કેળું મૂકે - પછી ચિંપાન્ઝી ને પૂછે ક્યા ગ્લાસ નીચે કેળું છે. ચિંપાન્ઝી કલ્પના-અનુમાન કરી ગ્લાસ બતાવે - સાચું પડે તો એ કેળું ચિંપાન્ઝીને મળે... એકવાર વૈજ્ઞાનિકે વિચાર્યું આને સફરજન ખૂબ ભાવે છે આજે સરપ્રાઈઝ આપી એને ખૂશ કરું, ગ્લાસ નીચે સફરજન મૂક્યું. અને રાબેતા મુજબ કેળું કયા ગ્લાસ નીચે છે એમ પૂછ્યું - ચિંપાન્ઝીએ સાચું બતાવ્યું અને વૈજ્ઞાનિકે સફરજન એના હાથમાં દીધું અને હાવભાવ જોવા લાગ્યો. વાંદરો ગુસ્સે થયો અને સફરજન વૈજ્ઞાનિકના કપાળમાં જોરથી ઠોક્યું!!

૨૦૧૭માં થનારી ચૂંટણીટાણે ગુજરાતમાં 'આપ'નું કોણ?

તંત્રીસ્થાનેથી...

દિલ્હીના ઉત્સાહી યુવાન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મૂળ અણ્ણા હજારેની જનલોકપાલ ચળવળની પ્રોડક્ટ છે. અણ્ણાનું રાજકીય વિઝન ધૂંધળું સાબિત થયું છે. એમનું આરએસએસ કનેકશન પણ અજાણ્યું નથી રહ્યું. અણ્ણા હજારે ભારતીય જનતા પાર્ટીની સરકાર સામે ઠંડા પડી ગયા છે, જયારે કોંગ્રેસની નેતાગીરીવાળી મનમોહન સરકાર વખતે ઝાલ્યા નહોતા રહેતા. એમણએ શરૂ શરૂમાં રાજકીય પાર્ટી બનાવીને લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો મૂકવાની વાત કરેલી, પછી પારોઠનાં પગલાં ભર્યા હતાં અને કોઈ પણ પાર્ટીનો સારો ઉમેદવાર હોય એને ચૂંટી કાઢવા અપીલ કરી હતી. કેજરીવાલ શરૂથી જ રાજકીય પાર્ટી બનાવી પ્રજાને બે મુખ્ય રાજકીય પરિબળોની સરખામણીમાં વધુ વિશ્વસનીય વિકલ્પ ઉપલબ્ધ કરાવવાનો સંકલ્પ લઈને ચાલતા હતા. આ કામ કેટલું ગંજાવર હતું - એની પણ એમને પ્રતીતિ થઈ ગઈ. દિલ્હીની પ્રજાએ એમને ફૂલડે વધાવ્યા પરંતુ લોકસભાની ચૂંટણી વખતે એમનો કરુણ રકાસ થયો. મોટા ઉપાડે મોદી સામે વારાણસીમાંથી ઉમેદવારી નોંધાવી હતી પણ ફાવ્યા નહીં. પનો ટૂંકો પડ્યો. દિલ્હીની સાતે બેઠકો પર ભાજપને મળી. જો કે વિધાનસભાની ચૂંટણીમાં ફરી પાછો એમને જયજયકાર થયો. આમ આદમી પાર્ટીની અંદર ચાલતી રહેલી જૂથબંધીએ પાર્ટીની અને કેજરીવાલની ઈમેજને ખાસ્સો ઘસારો પહોંચાડ્યો છે. પાર્ટીના પાયાના પથ્થર જેવા યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણને એમણે ક્રૂરતાપૂર્વક કાઢવા પડ્યા છે. આવા સંજોગોમાં આમ આદમી પાર્ટીને દિલ્હી બહાર બીજાં રાજયોમાં ફેલાવવાનું કામ તેઓ ધારે છે એટલું સહેલું નથી. અત્યારે આમ આદમી પાર્ટી પંજાબમાં પગપેસરો કરી રહી છે. ત્યાં સુધી કે પંજાબમાં 'આપ'ની સરકાર બનશે એવા દાવા થઈ રહ્યા છે. ગુજરાતમાં આગામી વર્ષે થનાર વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ કન્વીનર ડૉ. કનુભાઈ કળસરિયા તમામ બેઠકો પર ઉમેદવાર ઊભા રાખવાની જાહેરાત કરી ચૂક્યાં છે. ઉમેદવારો તો મળી જશે. પરંતુ સંગઠન ક્યાં છે? ગ્રાસરૂટ સ્તરે સંગઠન ધરાવતા ભાજપ અને કોંગ્રેસ જેવાં જૂના અને પ્રસ્થાપિત રાજકીય પરિબળો જેવી વ્યૂહરચના અને નાણાકીય વ્યવસ્થા ક્યાંથી થશે? ડૉ. કળસરિયા જેવા સાંગોપાંગ સત્વશીલ સામાજિક કાર્યકર પ્રત્યે ગુજરાતની પ્રજા જરુર માનની નજરે જુએ છે, પરંતુ છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં અને લોકસભાની ચૂંટણીમાં તેઓ જે પ્રજા માટે ઝઝૂમતા રહ્યા છે એનું પણ પૂરતું સમર્થન નથી મેળવી શક્યા તે સર્વવિદિત છે. રાજકારણ એ શતરંજની ચોપાટ છે. એમાં પાસા અવળા પડે તો ધર્મરાજાનેય વનવાસ જવું પડે. ડૉ. કળસરિયા જેવા વરિષ્ઠ પ્રત્યે સહાનુભૂતિ હોઈ શકે પરંતુ ચૂંટણી જંગમાં તો કેવા કારસા થાય છે એ જાણીતું છે. ચૂનીભાઈ વૈદ્ય અને પ્રકાશ શાહ જેવા મેધાવી અને અણિશુદ્ધ લોકકારણીઓ ચૂંટણીના મેદાનમાં ડિપોઝીટો ગુમાવતા રહ્યા છે. અલબત્ત એનો અર્થ એવો નહીં કરવો જોઈએ કે પ્રજાને વિકલ્પ ખપતો જ નથી. પરંતુ એ વિકલ્પને સ્વીકૃતિ અપાવવા લોકઝુંબેશનું સ્વરુપ મળે તે જરુરી છે. હાર્દિક પટેલ અને અલ્પેશ પટેલ જેવા તરવરિતાય તોખારોને સાથે લઈને આવી લોકઝુંબેશને સાકાર ન જ કરી શકાય એવું પણ નથી. પ્રશ્ન એટલો જ રહે છે કે નખશિખ સજ્જન એવાં ડૉ. કળસરિયા અને એમના સાથીઓ આટલાં ટૂંકા ગાળામાં એવી ઝુઝારું લોક ઝુંબેશ ઊભી કરી શકશે ખરા?

અનુપમે રીમોટ હાથમાં લઈ ટીવીને સ્વીચ ઑફ કર્યું, તે વિચારતો હતો, આ સમાજને પણ કોઈક રીમોટની તો જરુર ખરી, નહીં તો આ બધું કંઈ રીતે અટકશે...

નવાં કલેવર
નટવર હેડાઉ

આજે રવિવારનો દિવસ હતો. નિરાંતે જાગ્યા પછી પ્રાત:ક્રિયાઓમાંથી પરવારી અનુપમ પુસ્તકાલયમાં આવી બેઠો હતો. લગભગ એકાદ કલાક સુધી પુસ્તકો, સામયિકો અને અખબારોનાં પાનાં ફેરવી કંઈક વિચાર આવતા તે બહાર નીકળ્યો. તેને આજે શાકભાજી લઈને ઘરે જવાનું હતું એ વાત અચાનક યાદ આવી જતાં શાકમાર્કેટ તરફ ચાલવા લાગ્યો.

રજાનો દિવસ હોવાથી ખરીદ કરવા નીકળી પડેલ લોકોની અવરજવર વધુ જણાતી હતી. સ્કુટર, રીક્ષા અને કારો રસ્તા પરથી ધમધમાટ કરતી પસાર થતી હતી. અનુપમ ને કંઈ ઉતાવળ નહોતી તે તો મસ્તરામની જેમ ધીમે ધીમે ચાલતો શાકમાર્કેટ તરફ આગળ વધતો હતો. રસ્તાની બાજુમાં પાણીપુરીવાળાની લારી પર સ્ત્રીઓ અને બાળકોનું ટોળું હતું. બધા ચટાકેદાર પાણીપુરીનો સ્વાદ માણતાં હતા. અનુપમ તે જોતો જોતો આગળ વધતો હતો.

તેવામાં અચાનક તેના કાને અવાજ સંભળાયો 'સાહેબ... સાહેબ...'

'કોણ?' તેણે અવાજની દિશામાં જોયું. તેનાથી સહેજ દૂર રસ્તાની સામી બાજુએ એક ગરીબ છોકરો ઊભેલો હતો. તેનું શર્ટ ફાટેલું હતું. કપડાં મેલાં અને ગંદા લાગતા હતા. તે કેટલાય દિવસથી ન્હાયો પણ નહીં હોય એમ અનુપમને લાગ્યું.

'શું છે?' પૂછતાં તે નજીક આવ્યો. 'આ સાવરણી લઈ લો ને?' તેણે આજીજી કરતાં કહ્યું, તે આઠ-દસ સાવરણીઓ ઉંચકીને અનુપમની પાસે આવ્યો. 'મારે સાવરણી નથી જોઈતી.' અનુપમે કહ્યું. 'સાહેબ, સ્વચ્છતા અભિયાન ચાલે છે તેમાં તમારો પણ કંઈક સહયોગ આપો.' પેલા છોકરાએ કહ્યું. અનુપમને આ સાંભળી હસવું આવી ગયું. ભલા માણસ સફાઈની તો તારે જરુર છે. એમ તેણે વિચાર્યું પણ કંઈ બોલ્યો નહીં. પણ પેલો છોકરાએ ફરી કહ્યું. 'સાહેબ, લઈ લો ને પાંચ રૂપિયામાં આપીશ.'

'પણ માટે જરુર નથી. પછી લઈશ. અત્યારે મારી પાસે છૂટ્ટા પૈસા પણ નથી.' અનુપમે ઉત્તર વાળ્યો. આ સાંભળી પેલા છોકરાઓ કહ્યું, 'સાહેબ, આજે જ લઈ લો ને, બપોર થવા આવ્યા હજુ એક પણ સાવરણી વેચાઈ નથી, મારે ખાવા માટે જરુર છે. તમે કહેતા હોય તો હું તમને છૂટ્ટા લાવી આપું?' છોકરાના ચહેરા પર લાચારી જોઈ અનુપમને દયા આવી.

તેણે સોની નોટ કાઢી તેને આપી.

છોકરો સોની નોટ લઈને જતો રહ્યો. ઘણીવાર સુધી પાછો ન આવ્યો એ જોઈને અનુપમને એમ લાગ્યું કે છોકરો રૂપિયા લઈને રફુચક્કર થઈ ગયો છે. હવે પાછો ક્યાંથી આવવાનો, છોકરા દ્વારા છેતરાઈ ગયાના ભાવ સાથે દુ:ખીથતો અનુપમ ઘેર જતો રહ્યો.

બીજે દિવસે એ તે જ રસ્તા પરથી પસાર થતો હતો ત્યારે એ છોકરાનો નાનો ભાઈ મળ્યો અને કહ્યું, 'તમે કાલ મારા ભાઈ પાસેથી સાવરણી ખરીદેલી ખરું ને?'

અનુપમે કહ્યું, 'હાં, પણ એ ક્યાં છે?'

તે છોકરા એ જવાબ આપ્યો. 'સર, એ મારો મોટો ભાઈ હતો. તમારી પાસેથી રૂપિયા લઈ છૂટા કરાવવા ગયો હતો. પાછા આવતાં એક ઝડપથી આવતી કારે તેને ટક્કર મારી દીધી. તે ખુબ ઘવાયો છે. ત્યારે હોસ્પિટલમાં દાખલ છે. તેણે તમને આપવા માટે આ પંચાણું રૂપિયા મોકલ્યા છે. લ્યો.'

અનુપમે તેની પાસેથી પૈસા લીધા નહીં. પણ તેની સાથે હોસ્ટિલલે ગયો. જ્યાં તેના ભાઈને દાખલ કરેલો હતો. મોટા ભાઈના બંને પગ કપાઈ ગયા હતા. તેની હાલત વિચાર માંગી લે તેવી હતી. બહુ મુશ્કેલીએ તે પોતાના ગ્રાહકને ઓળખી શક્યો અને બોલ્યો 'સાહેબ, કાલે છૂટા રૂપિયા લઈને પાછો આવતો હતો. ત્યાં કાર ચાલકે ટક્કર મારી દીધી. હું પડી ગયો. તમારાં પંચાણું રૂપિયા પાછા આપવા માટે મેં નાના ભાઈને દીધા છે. તે તમને મળી ગયા હશે. અમે બે ભાઈઓ જ છીએ. હવે મારા ભાઈનું શું થશે?'

આ વાત સાંભળી અનુપમનું હૃદય ગદ્‌ગદ્ થઈ ગયું. અને તેણે કહ્યું, 'બેટા, ચિંતા ન કરો, હવે તમે મને તમારા પિતાતુલ્ય સમજો. તારા ભાઈને હું હોસ્ટેલમાં દાખલ કરાવી દઈશ. તારો હોસ્પિટલનો સારવારનો ખર્ચ પણ હું જ આપીશ. તારી ઈમાનદારીથી મારું મન ખુશ અને હૃદય ગદ્‌ગદ્ થઈ ગયું છે.'

અનુસંધાન પાના નં. ૭ પર

પ્રેમનો કરાર, એકરાર અને ઈનકાર

ગુલમોર
દિનેશ દેસાઈ

મહાન વિચારક રુમિ(૧૨૦૭-૧૨૭૩)એ કહ્યું છે કે ''પ્રેમ એટલે ભીતરનો પ્રકાશ. તમારી જિંદગી અજવાળી મૂકે એનું નામ પ્રેમ.'' જો તમને રુમિ કહે છે એવી અનુભૂતિ ન થઈ હોય તો એને પ્રેમનું નામ આપી શકાય નહીં. એ ફિલિંગ્સ્ બીજું કશુંક હોઈ શકે પણ પ્રેમ તો નહીં જ.

આપવાનું હોય ત્યારે માપવાનું ના હોય અને માપવાનો જ સ્વભાવ હોય ત્યારે આપવાનું માંડી વાળવું જોઈએ. ચાહતના કારણો ન હોય. એમાં આપવા-લેવાની વાત પણ ન હોય. આપવા-લેવાનું યા લેવડદેવડ તો વેપાર ગણાય. પ્રેમ એ કોઈ વેપાર કે વિનિમય નથી.

જ્યાં પ્રેમની હાજરી છે ત્યાં અહમ્ મમત્વ કે માન-અપમાન હોય? અંગત પાસે અપેક્ષા રાખવી, એમાં કશું ખોટું નથી પરંતુ માત્ર અપેક્ષાઓ માટે જ કોઈ વ્યક્તિના અંગત બનવું એ સરેઆમ ખોટી જ વાત છે. પ્રેમનો કરાર થવો જોઈએ. પ્રેમ વ્યક્ત થવો જોઈએ. પ્રેમનો એકરાર થવો જોઈએ અને પ્રેમનો ઈનકાર પણ થવો જોઈએ. મનોમન માની લીધેલા પ્રેમને એક વ્યક્તિ સમજે પરંતુ બીજી વ્યક્તિ યા સામેની વ્યક્તિ ન સમજે તો શું? અરે, સમજ્યા પછી પણ કોઈ વ્યક્તિ પ્રેમનો પડઘો ન પાડે તો? પ્રેમમાં સમ ભાગ જોઈએ અને સમ ભાવ જોઈએ. સરખો ભાગ અને સરખો ભાવ હોય તો જ પ્રેમ પ્રગટ થાય. એક હાથે તાળી ન પડે.

એક છોટી સી લવસ્ટોરી જોઈએ. એક યુવાન જેને ચાહતો હતો એ યુવતીનું અકસ્માતે મોત થઈ જતા એકાકી અને ઉદાસ રહેતો હતો. એક સોસિયલ સાઈટ પર એક યુવતી સાથે તેની ફ્રેન્ડશીપ થાય છે. બેઉ એકબીજા વિશે શેરિંગ કરે છે. એકમેકની હોબીઝ, લાઈકિંગ, ફૂડ, નેચર, હેબિટ્સ વગેરે. યુવાન પોતાનો પ્રથમ પ્રેમ ભૂલી શક્યો નહોતો. આમ છતા આ યુવતી સાથે વાતો કરીને તે ખુશ રહેવા લાગ્યો, મૂડમાં રહેવા લાગ્યો હતો. યુવતી પણ આ અજાણ્યા યુવાનની ફ્રેન્ડશીપથી ખુશ રહેવા લાગી હતી. બેઉ એકમેકને પસંદ કરતા હોવા છતા બેમાંથી કોઈએ પ્રેમનો એકરાર કર્યો નહોતો. ઓનલી ફ્રેન્ડશીપ. હા, બેઉ એક જ શહેરમાં રહેતા હોવાથી મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ મળવા માટેની તાલાવેલી પણ દર્શાવી નહોતી.

એક દિવસ યુવાનને આ યુવતીએ કોલ કરીને કહ્યું કે ''મારે તને મળવું છે. હું સિટી હોસ્પિટલમાં છું. સમય ખુબ ઓછો છે.''

યુવાન જ્યારે બધા કામ પડતા મૂકીને તાત્કાલીક સિટી હોસ્પિટલ પહોંચ્યો ત્યારે યુવતી નહોતી. મોબાઈલ કોલ-ટોક અને હોસ્પિટલના અંતર વચ્ચે મોત બાજી મારી ગયું હતું. એનો નિશ્ચેતન દેહ હોસ્પિટલના બેડ ઉપર હતો. તેનાં સ્વજનો કલ્પાંત કરતા હતા. યુવાને પૂછતાં ખબર પડી કે યુવતી બ્રેઈન ટ્યુમરના કારણે અવસાન પામી છે. આગંતુક યુવાન માટે એક કવરમાં કાગળ છોડી ગઈ છે.

યુવાન કાગળ વાંચવા લાગ્યો. તેમાં યુવતીએ લખ્યું હતું કે ''પ્રિયે, મને ખબર હતી કે મારી જિંદગી થોડા સમયની જ મહેમાન છે. મને એ પણ ખબર હતી કે તારો પ્રથમ પ્રેમ મૃત્યુ પામ્યો છે. હું તને ચાહતી હોવા છતા તારી સમક્ષ એકરાર કરી શકી નથી અને જિંદગી છોડીને મોતને ભેટવા જઈ રહી છું. કદાચ તું પણ પ્રેમની નિષ્ફળતાના ભયથી મારી સમક્ષ પ્રેમનો એકરાર કરી શક્યો નહીં. જુદા જુદા કારણસર તારી અને મારી જિંદગીમાં નસીબે પ્રેમ લખાયો નહોતો. ટેક કેર. અલવિદા.''

કાગળ વાંચીને યુવાન રડી પણ ન શક્યો. તેની આંખો ભાદરવાના આકાશ જેમ કોરીધાકોર જ રહી ગઈ.

આવી જ બીજી એક ટ્રેજિક લવસ્ટોરી પણ જોઈએ. યુવાન અને યુવતી, બેઉ એકબીજાને ચાહતાં હતાં. બેઉએ એકમેક સમક્ષ પ્રેમનો એકરાર - સ્વીકાર કર્યો હતો. બેઉ જુદા જુદા રહે અને જુદા જીવે છતા એકમેકને મહેસુસ કરે. એકબીજાને એકમેક સાથે વાત કર્યા વિના ઘડીભર પણ ચેન ન પડે. પ્રેમમાં મિલનની તડપ અને મિલનની ખ્વાહિશ. આગ બેઉ તરફ લાગી હતી. આમ તો પ્રેમને કોઈ નિયમોથી બાંધી શકાતો નથી. પરંતુ પ્રેમની પૂર્વશરત જ એ છે કે આગ બેઉ તરફ લાગી હોવી જોઈએ. એક તરફી પ્રેમ એ પ્રેમ તો નથી જ.

એક દિવસ પ્રિયાએ તેની બહેનપણી પાસે પોતાના પ્રિયતમને કોલ કરાવીને સંદેશો અપાવ્યો કે ''તું હવે તારા પ્રેમને ભુલી જજે. હવે તારી પ્રિયા તને કદી મળી શકશે નહીં. બની શકે તો તેને માફ કરી દેજે.''

આ સાંભળીને યુવાન તો હતપ્રભ થઈ ગયો. એ કશું જ બોલી શક્યો નહીં. દરેક દુ:ખનો ઉપચાર યા દવા સમય જ હોય છે. સમય વીતતો ગયો. એક દિવસ પેલો યુવાન અચાનક જ યુવતીના ઘરે પહોંચી ગયો અને તેના હાથમાં લગ્નની કંકોતરી આપી દીધી.

યુવતીએ કંકોતરી ખોલીને પોતાનું નામ વાંચ્યું તો આશ્ચર્યથી ચમકી ગઈ. તેણે હાથના ઈશારાથી પૂછ્યું કે ''આ શું છે?''

યુવાને પણ ઈશારા-ઈશારામાં પ્રેમાળ પ્રત્યુત્તર આપ્યો કે ''મને તારી બહેનપણીએ બધી જ વાત કરી દીધી હતી કે તને કોઈ અકસ્માત થયો એમાં તારી બોલવાની શક્તિ ચાલી ગઈ છે. તું જિંદગીભર બોલી શકશે નહીં, આથી તેં એમ વિચાર્યું કે મને તો તારી સાથે પ્રેમપ્રચુર વાતો કર્યા સિવાય ચાલવાનું નથી તો લગ્ન કર્યા પછી આપણા કજોડાનું શું થશે?''

> પ્રેમનો કરાર થવો જોઈએ. પ્રેમ વ્યક્ત થવો જોઈએ. પ્રેમનો એકરાર થવો જોઈએ અને પ્રેમનો ઈનકાર પણ થવો જોઈએ. મનોમન માની લીધેલા પ્રેમને એક વ્યક્તિ સમજે પરંતુ બીજી વ્યક્તિ યા સામેની વ્યક્તિ ન સમજે તો શું? અરે, સમજ્યા પછી પણ કોઈ વ્યક્તિ પ્રેમનો પડઘો ન પાડે તો? પ્રેમમાં સમ ભાગ જોઈએ અને સમ ભાવ જોઈએ.

યુવતી શાંતિથી બધા ઈશારા સમજી રહી હતી.

યુવાને ઈશારામાં જ પોતાની વાત આગળ વધારી કે ''તને એમ પણ થયું હશે કે તારા ઈનકારના મેસેજ પછી મેં તારો કોઈ પણ રીતે કોન્ટેક્ટ કરવા કે ખબર-અંતર પુછવા કોઈ જ ટ્રાય ના કર્યો. પરંતુ હકીકત તો એ છે કે મને મૂક-બધિરની ભાષા અથવા સંજ્ઞાઓ સમજવા-શીખવા માટે આટલો ટાઈમ લાગ્યો. જેવું મેં બધું શીખી લીધું કે તરત તારી પાસે દોડી આવ્યો. હવે 'જીભ' આપણા પ્રેમની આડે આવશે નહીં.''

આ છે પ્રેમના કરાર-એકરાર અને ઈનકાર પછીનો સ્વીકાર. સાચો પ્રેમ હંમેશા સ્વીકાર અને હકારાત્મકતામાં જ હોય છે.

સ્ટોપર :

'મેરા ઝુકના ઔર તેરા ખુદા હો જાના,
યાર અચ્છા નહી, ઈતના બડા હો જાના.'

- અજ્ઞાત

ડૉ.પ્રકાશ બાબા આમટે...!! મેગ્સેસે એવોર્ડને ઉજળો બનાવતું સેવાભાવી યુગલ!!

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

(ગતાંકથી આગળ....) વિકાસને ડોકટર બનવા કરતાં એન્જીનીયર થવામાં વધુ રસ હતો છતાં આનંદવનને ઘરના ડોકટરની જરૂર હોવાથી અમે નાગપુર મેડિકલ કોલેજમાં એડમિશન લેવા ગયા- ખાદીની અરધી ચડ્ડી અને શર્ટ એવા કપડામાં! એમ.બી.બી.એસનું પરિણામ આવે તે પહેલાં બાબા અમને ઊજાણીના નામે આનંદવનથી અઢીસો કિમી દૂર ભામરાગઢના જંગલોમાં લઈ ગયાં ત્યાંના રોકાણ દરમિયાન અમે આસપાસના ગામોમાં ફર્યા. ગાડી ગામમાં પ્રવેશે એટલે અમારાથી ડરી ત્યાંના આદિવાસીઓ જંગલમાં ભાગી જતાં. કોઈ ઊભો રહે તો વાત કરવામાં ભાષાનો અવરોધ. કોઈ અર્ધનગ્ન તો કોઈ સાવ નગ્ન, કુપોષણથી પીડાતાં લોકોને ઉદ્દેશી બાબાએ કહ્યું, ''હવે, અહીં કામ કરવું છે.'' ૫૮ વર્ષના બાબા આ કામ કરે તના કરતાં મેં બાવીસ વર્ષના એ જ કરવું એવો નિર્ણય જાહેર કરી દીધો. જે કોલેજમાં હું ભણતો તેમાં જ મારાથી બે વર્ષ મોટી પણ ભણવામાં એક વર્ષ સિનિયર એવી મંદા મારી ભાવિ પત્નિને કદી જોયાં જ નહોતાં પરંતુ હાઉસજોબ દરમિયાન પરિચય થયો અને સહજતાં અને ખુશીથી કોઈ ફરિયાદ વિના નિભાવ્યો.

હેમલકસામાં કામ શરૂ કર્યુ ત્યારે શરૂઆતમાં અમારૂ રહેઠાંણ અને કામ વૃક્ષ નીચે જ હતું. આનંદવનમાં સાજા થયાં કુષ્ઠરોગીઓને તેમના પરિવારજનો સ્વીકારવા તૈયાર નહોતા અને તેઓ પણ પાછાં જવા રાજી નહોતાં એટલે તેઓના પુનર્વસન માટે બાબાએ વ્યસ્થા કરેલી તેમના ઘણાં હેમલકસા આવ્યાં અને તેમની મદદથી ઝાડ કાપી, પથ્થરો તોડી અત્યંત મહેનતથી થોડી ઝૂંપડીઓ અને શેડ બનાવ્યો. ચોમાસાના છ મહિના આ વિસ્તાર દુનિયાથી સાવ કપાઈ જતો. કોલ સમાચાર કે સંપર્ક નહી પરંતુ દુ:ખ એ વાતનું નહોતું દુ:ખ એ હતું કે જેમના માટે અમે આવેલાં તે આદિવાસીઓ અમારી આસપાસ ફરકતાં જ નહિં. મેલેરિયા, સેરિબ્રલ મેલેરિયા અહીંની મુખ્ય બિમારીઓ ઉપરાંત ઝાડ પરથી પડવાથી હાથ-પગ ભાંગવા, સર્પદંશ, રીંછના હુમલાએ રોજની બાબતો અમે તેમની પાસે જઈ સમજાવવાનો પ્રયત્ન કરીએ પરંતુ તેમની માડિયા ભાષામાં મરાઠી ભાષાનો એકપણ શબ્દ નહિં.

અંધશ્રદ્ધાને કારણે ગામના ભૂવા પાસે જ ઈલાજ માટે જાય અને તેનાથી ડરે એટલે અમારી પાસે આવે નહિં. પરંતુ એકવાર તાપણાં પાસે સૂતેલો છોકરો ખેંચ આવતાં તેમાં પડયો અને ચાલીસ ટકા જેટલો દાઝી ગયો. ઘરગથ્થું ઈલાજ ભૂવાએ કર્યા બાદ અમારી પાસે એને લાવ્યાં ત્યારે એના જખમમાં કીડા પડી ગયેલાં. આ છોકરો અમારાથી સાજો થયો જોઈ ધીમે-ધીમે આસપાસના ગામોમાંથી પણ લોકો આવવા લાગ્યાં. સો-દોઢસો કિમી દૂરથી આ લોકો દદીને ખાટલાં પર ઊંચકીને લાવતાં. જો તે સાજો નહિં જાય તો બીજા પણ ભાગશે એવા હંમેશના તણાવ વચ્ચે અમે તેને સાજો કરતાં. ભૂવાની ખૂદની છોકરીને તાવમાંથી અમે સાજી કરતાં તેનો વિરોધ પણ મટી ગયો. એટલી હદે પછાત લાકો કે દવાનો પહેલો ડોઝ અમે હાથે પીવડાવતાં પણ બીજા ડોઝ વિશે સમજાવતાં દમ નીકળી જતો. ઉપરાંત અમે બધા પણ મેલેરીયા અને અન્ય રોગોના ભોગ પણ બન્યાં છતાં ટકી રહેવાના સંકલ્પે ટકાવી રાખ્યાં ૧૯૭૫માં બે વિદેશી મહેમાન આવ્યાં. 'સવિસ એઈડ'ના આ કાર્યકર્તાઓએ ત્યારબાદ દસ વર્ષ ઘર, દવાખાનું, શાળા અને દવાઓ માટે ખૂબ મદદ કરી.

કેટલીક વાર અકલ્પનીય બનાવો બનતાં અને કસોટીના પ્રસંગો ઊભાં થતાં. એકવાર રાતના સમયે એક કેસ આવ્યો. રીંછના હુમલામાં એ માણસની ખોપડી ફૂટી ગયેલી આંખો પણ ફૂટી ગયેલી વગર એનેસ્થેસિયાએ એ માણસને દોઢસો ટાંકા લીધાં એની પ્રચંડ સહનશકિત જોઈ હું ચકિત થઈ ગયો. ચાર-પાંચ દિવસ પછી તે આંધળો થઈ ગયો હોવાં છતાં જાતે ચાલીને ઘરે ગયો પરંતુ બે વર્ષમાં જ તે ભૂખમરાથી મરી ગયો. કારણકે અહીં નાના બાળકો સહિત બધાં રોજ પોતાનો ખોરાક જાતે મેળવી લેતાં હોય એવી મજબૂરીમાં એને કોણ પોષ સ્ત્રીઓ પણ પ્રસવવેદના થવા લાગે ત્યાં સુધી કામ કરે પછી ઝૂંપડી પાછળ જઈ જાતે જ બાળકને જન્મ આપે! અમારી સમજાવટ બાદ અમારી પાસે સ્ત્રીને લાવતાં થયાં પણ કુદરતી સુવાવડ કરાવવા સિવાય અમારી પાસે પણ સાધન નહોતાં. એવામાં એકવાર એક સ્ત્રીને લઈને થોડા માણસો આવ્યાં.સ્ત્રીને બાળક આડું આવેલું, એનો હાથ બહાર આવી ગયેલો. બાકીના બાળકને બહાર લાવવા ઓપરેશન સિવાય વિકલ્પ નહોતો, અમારી પાસે સાધનો નહોતા વાહન નહોતું, ઉપરથી વરસાદ... અંતે માને બચાવવા બાળકને કાપી-કાપીને બહાર કાઢવું પડયું. એ અત્યંત કરૂણ અને દુ:ખદ બનાવ હતો. એ સ્ત્રી બે દિવસ પછી જ ચાલીને વીસ કિ.મી. દૂર આવેલાં ગામ ગઈ! આવા અનેક કેસ.. એનું દુ:ખ ઓછું કરી શકયાં એના આંતરિક સંતોષે અમને ટકાવી રાખ્યાં. સંજોગોને કારણે હું સાદા ડૉકટરમાંથી તેઓની જરૂરિયાત અનુસાર સર્જન, ડેન્ટિસ્ટ, ઓથોપેડિક, ગાયનેક એમ ઘણાં પ્રકારના ડૉકટર બન્યાં. પુસ્તક વાંચીએ ભલા ભોળા લોકોના વિશ્વાસને કારણે ઈલાજ કરતો. સેવાના વિસ્તરણ અને દૂરના ગામડાંથી લોકો